# પ્રસાર ભારતી

## નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 25-09-2024 સવારે : 7.45 થી 7.55

- ✓ જમ્મુ-કાશ્મીર વિધાનસભા ચૂંટણીના બીજા તબક્કા માટે 26 બેઠકો પર મતદાનનો પ્રારંભ - હરિયાણા વિધાનસભા ચૂંટણી માટે પ્રચાર વેગવાન બન્યો.
- ✓ કેન્દ્રીય મંત્રીઓ અને NDAના વિવિધ નેતાઓએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અમેરિકાની મુલાકાતને નોંધપાત્ર ગણાવી.
- ✓ નાણામંત્રી નિર્મલા સીતારમણ અને ઉઝબેકિસ્તાનના વેપાર મંત્રી લઝીઝ કુદરતોવ વચ્ચે દ્વિપક્ષીય રોકાણનીતિ પર સમજૂતી કરાર થયા.
- ✓ હવામાન વિભાગે આગામી બે દિવસ કોંકણ, ગોવા, મધ્ય મહારાષ્ટ્ર અને ગુજરાતમાં ભારે વરસાદની આગાહી કરી.
- ✓ જીવન નેદુનચેઝિયાન અને વિજય સુંદર પ્રશાંતની ભારતીય ટેનિસ જોડીએ એટીપી 250 હાંગઝોઉ ઓપન 2024માં ડબલ્સનો ખિતાબ જીતી લીધો.

## *J&K-SECOND PHASE POLLING*

**જમ્મુ-કાશ્મીરમાં વિધાનસભા ચૂંટણીના બીજા તબક્કા માટે 26 બેઠકો પર આજે 7 વાગ્યાથી મતદાનનો પ્રારંભ થયો. જે સાંજના 6 વાગ્યે પૂર્ણ થશે. વધુમાં વધુ લોકો મતદાનના અધિકારનો ઉપયોગ કરી શકે તે માટે વિસ્તૃત સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે. મતદાન માટે ત્રણ હજાર પાંચસો બે મતદાન મથકો ઉભા કરવામાં આવ્યા**

છે. જેમાંથી એક હજાર 56 શહેરી અને બે હજાર ચારસો 46 ગ્રામ્ય વિસ્તારોમાં છે. નેશનલ કોન્ફરન્સના નેતા અને પૂર્વ મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લા, કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ તારિક હમીદ કરાહ, જમ્મુ અને કાશ્મીર ભાજપના પ્રમુખ રવિન્દર રૈના અને અપની પાર્ટીના પ્રમુખ અલ્તાફ બુખારી જેવા નેતાઓના ચૂંટણી ભાવિનો આજે નિર્ણય થશે

જમ્મુ-કાશ્મીરમાં ત્રણ તબક્કામાં વિધાનસભાની ચૂંટણી યોજાઈ રહી છે.પ્રથમ તબક્કામાં આ મહિનાની 18 તારીખે 24 બેઠકો પર મતદાન થયું હતું. ત્રીજા તબક્કામાં 1લી ઓક્ટોબરે 40 બેઠકો પર મતદાન થશે. 8 ઓક્ટોબરે મતગણતરી હાથ ધરાશે.

.................

## *PM-SONIPAT RALLY*

હરિયાણા વિધાનસભા ચૂંટણી માટે પ્રચાર વેગવાન બન્યો છે. ભાજપના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે હરિયાણાના સોનીપત જિલ્લાના ગોહાનામાં જનસભાને સંબોધશે. આ રેલી દ્વારા ભાજપ સોનીપત, રોહતક અને પાણીપતમાં આવતા 22 વિધાનસભા ક્ષેત્રોના મતદારોને રીઝવવાનો પ્રયાસ કરશે. આજની રેલીને ધ્યાનમાં રાખીને વિસ્તારમાં સુરક્ષા સઘન કરવામાં આવી છે.

એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે, હરિયાણાના લોકોએ ભારતીય જનતા પાર્ટીની જંગી જીત સુનિશ્ચિત કરવાનું મન બનાવી લીધું છે.

શ્રી મોદીએ આ મહિનાની 14 તારીખે કુરુક્ષેત્રમાં એક રેલીને સંબોધિત કરી હતી. ઉલ્લેખનીય છે કે 90 સભ્યોની હરિયાણા વિધાનસભા માટે 5મી ઓક્ટોબરે મતદાન થશે.

.................

## *JHARKHAND-SHIVRAJ*

ઝારખંડ વિધાનસભા ચૂંટણીના પ્રભારી અને કેન્દ્રીય મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે કહ્યું છે કે હેમંત સોરેન સરકાર રાજ્યમાં યુવાનોને રોજગાર આપવામાં નિષ્ફળ રહી છે. ગઈકાલે બોકારો ખાતે પરિવર્તન રેલીને સંબોધતા શ્રી સિંહે જણાવ્યું હતું કે, રાજ્યમાં ભાજપની સરકાર બન્યા બાદ ખાલી પડેલી બે લાખ 75 હજાર જગ્યાઓ પહેલી જ કેબિનેટ બેઠકમાં ભરવામાં આવશે.

બીજી તરફ મુખ્યમંત્રી હેમંત સોરેને ભાજપ પર યુવાનોને ગેરમાર્ગે દોરવાનો આરોપ લગાવ્યો. શ્રી સોરેને કહ્યું, તેમની સરકારે રાજ્યના સર્વાંગી વિકાસ માટે ઘણા પગલાં લીધા છે જે સ્પષ્ટપણે જોઈ શકાય છે.

.................

## *VP-UP TRADE SHOW*

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ આજે ગ્રેટર નોઈડામાં ઉત્તર પ્રદેશ આંતરરાષ્ટ્રીય ટ્રેડ શોની બીજી આવૃત્તિનું ઉદ્ઘાટન કરશે. પાંચ દિવસીય ટ્રેડ શો આ મહિનાની 29 તારીખે સમાપ્ત થશે. આ કાર્યક્રમમાં વિયેતનામને ભાગીદાર દેશ તરીકે હાઈલાઈટ કરવાની સાથે ઉત્તર પ્રદેશના વેપાર અને સંસ્કૃતિનું પ્રદર્શન કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે આ ટ્રેડ શોની પ્રથમ આવૃત્તિનું ઉદ્ઘાટન ગયા વર્ષે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ દ્વારા કરવામાં આવ્યું હતું.

.................

## *PM MODI US VISIT*

કેન્દ્રીય મંત્રીઓ અને NDAના વિવિધ નેતાઓએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અમેરિકાની મુલાકાતને નોંધપાત્ર અને નવો ચીલો ચાતરતી ગણાવી છે. ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું હતું કે આ મુલાકાત શ્રી મોદીના મુત્સદ્દીગીરીના સિદ્ધાંતને વધુ મજબૂત બનાવે છે, જેણે છેલ્લા 10 વર્ષમાં ભારતનનાં સાતત્યપૂર્ણ વિકાસમાં નવા દ્રષ્ટાંત પ્રસ્થાપિત કર્યા છે અને ભારતને વૈશ્વિક સ્તરે પરિવર્તનકારી ભૂમિકા અપાવી

છે. શ્રી શાહે એમ પણ કહ્યું હતું કે સફળ QUAD સમિટ, 'મોદી અને યુએસ' મેગા કોમ્યુનિટી ઇવેન્ટ અને યુએન સમિટ ઓફ ધ ફ્યુચર વિશ્વભરમાં તેમની અજોડ લોકપ્રિયતાને પ્રતિબિંબિત કરે છે. તેમણે ઉમેર્યું હતું કે પ્રધાનમંત્રી મોદીનાં નેતૃત્વએ માત્ર એક રાષ્ટ્ર તરીકે જ નહીં પરંતુ માનવતાના ઉત્થાનમાં ભાગીદાર તરીકે ભારતની પ્રતિષ્ઠા વધારી છે.

કેન્દ્રીય મંત્રી અને ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ જગત પ્રકાશ નડ્ડાએ કહ્યું કે પ્રધાનમંત્રી મોદીની અમેરિકાની મુલાકાત વ્યાપ અને પરિણામોની દ્રષ્ટિએ મહત્વપૂર્ણ અને નોંધપાત્ર રહી છે. તેમણે કહ્યું કે, લગભગ 55 કલાકમાં, પીએમ મોદીએ વિવિધ વિષયોને આવરી લીધા હતા.

બિહારના મુખ્યમંત્રી અને જેડી(યુ)ના નેતા નીતીશ કુમારે કહ્યું કે બિહારના લોકો શ્રી મોદીની જાહેરાતો અને તેનાથી સર્જાયેલી નવી તકોથી ઉત્સાહિત છે. તેમણે એમ પણ કહ્યું કે બંને દેશો વચ્ચે લેવાયેલા નિર્ણયોથી અત્યાધુનિક ટેક્નોલોજીમાં રોકાણ વધશે અને વિકાસના નવા રસ્તા ખુલશે.

આંધ્ર પ્રદેશના મુખ્ય પ્રધાન અને TDP નેતા એન ચંદ્રબાબુ નાયડુએ જણાવ્યું હતું કે શ્રી મોદીએ રાષ્ટ્રોના સમુદાયમાં ભારતની સ્થિતિ મજબૂત કરી છે અને સમુદાયો અને દેશોને એકસાથે લાવી નિર્વિવાદપણે એક ઊંચા વિશ્વ નેતા તરીકે ઉભરી આવ્યા છે

મહારાષ્ટ્રના મુખ્યમંત્રી અને શિવસેનાના નેતા એકનાથ શિંદેએ જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી મોદીની અમેરિકાની મુલાકાતે ફરી એક સાબિત કરી આપ્યું છે કે શા માટે તેઓ વૈશ્વિક રાજનેતા છે.

.................

***NIRMALA-UZBEKISTAN***

નાણામંત્રી નિર્મલા સીતારમણ અને ઉઝબેકિસ્તાનના વેપાર મંત્રી લઝીઝ કુદરતોવ વચ્ચે બેઠક યોજાઈ હતી. એશિયન ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઈન્વેસ્ટમેન્ટ બેંક-AIIB ના બોર્ડ ઓફ ગવર્નર્સની વાર્ષિક બેઠક પહેલા બંને મંત્રીઓએ પરસ્પર વેપાર, ખાસ કરીને નવીનીકરણીય ઉર્જા ખાતર અને ફાર્માસ્યુટિકલ ઉત્પાદનના ક્ષેત્રોમાં ચર્ચા કરી હતી.

નાણા મંત્રાલયના જણાવ્યા અનુસાર, બંને મંત્રીઓ વચ્ચે દ્વિપક્ષીય રોકાણ નીતિ પર સમજૂતી થઈ છે. બંને દેશોનું માનવું છે કે આનાથી સ્વાસ્થ્ય સુરક્ષા, હોસ્પિટાલિટી અને ટુરિઝમના ક્ષેત્રોમાં રોકાણકારોનો વિશ્વાસ વધશે.

મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, બંને મંત્રીઓએ RuPay કાર્ડ અને UPI સિસ્ટમ સહિત ભારતમાં ડિજિટલ પેમેન્ટ ક્રાંતિ અંગે પણ ચર્ચા કરી હતી.

.................

## *MID BREAK- NEWS- NATIONAL*

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરી શકો છો...

.................

## *MODI 3.0 - YUVA SHAKTI - 100 DAYS*

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તેના ત્રીજા કાર્યકાળના 100 દિવસ પુરા કર્યા છે. આ સમયગાળા દરમિયાન, સરકારે ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ખેડૂતો, મધ્યમ વર્ગ, મહિલાઓ અને યુવાનો પર ધ્યાન કેન્દ્રિત કરીને 15 લાખ કરોડ રૂપિયાના પ્રોજેક્ટ્સ લોન્ચ કર્યા છે.

ત્રીજી ટર્મના પ્રથમ સો દિવસો દરમિયાન, કેન્દ્ર સરકારે કૌશલ્ય વધારવા અને રોજગારી પેદા કરવા માટે પ્રધાનમંત્રી પેકેજ હેઠળ 2 લાખ કરોડ રૂપિયાની જાહેરાત

કરી હતી. આ પગલાથી દેશના 4 કરોડથી વધુ યુવાનોને ફાયદો થશે. ભરતીમાં પારદર્શિતા સુનિશ્ચિત કરવા માટે કેન્દ્રએ જાહેર પરીક્ષાઓ અધિનિયમ લાગુ કર્યું. અને 10 હજાર 600 કરોડ રૂપિયાના ખર્ચ સાથે વિજ્ઞાન ધારા યોજનાને મંજૂરી આપી. આ યોજના દેશમાં વિજ્ઞાન, ટેકનોલોજી અને ઈનોવેશન ઈકોસિસ્ટમને મજબૂત બનાવશે. ત્રીજા કાર્યકાળના પ્રથમ બજેટમાં, મોદી સરકારે વિવિધ ક્ષેત્રોમાં વધુ રોજગારીનું સર્જન કરવા માટે મૂડી ખર્ચ વધારીને 11.11 લાખ કરોડ રૂપિયા કર્યો. પ્રથમ સો દિવસમાં, કેન્દ્રીય મંત્રાલયો અને વિભાગોમાં યુવાનોને પંદર હજાર નિમણૂક પત્રો જારી કરવામાં આવ્યા હતા.

.................

## *IMD*

ભારતીય હવામાન વિભાગે આગામી બે દિવસ દરમિયાન કોંકણ, ગોવા, મધ્ય મહારાષ્ટ્ર અને ગુજરાતમાં ભારે વરસાદની આગાહી કરી છે. આજે દરિયાકાંઠા અને આંતરિક કર્ણાટક, મધ્ય પ્રદેશ અને વિદર્ભમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. હવામાન એજન્સીએ આસામ, મેઘાલય, અરુણાચલ પ્રદેશ, ઉપ-હિમાલયન પશ્ચિમ બંગાળ અને સિક્કિમમાં આવતીકાલ સુધીમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી છે.

.................

## *INDIAN TENNIS*

જીવન નેદુનચેઝિયાન અને વિજય સુંદર પ્રશાંતની ભારતીય ટેનિસ જોડીએ એટીપી 250 હાંગઝોઉ ઓપન 2024માં ડબલ્સનો ખિતાબ જીત્યો હતો. તેમણે હાંગઝુ ઓલિમ્પિક સ્પોર્ટ્સ એક્સ્પો સેન્ટર ખાતે કોન્સ્ટેન્ટાઇન ફ્રેન્ટઝેન અને હેન્ડ્રિક જેબેન્સની જર્મન જોડીને હરાવી હતી. ભારતીય જોડીએ 4-6, 7-6 (7-5), 10-7થી જીત મેળવીને

અસાધારણ પુનરાગમન કર્યું હતું, અને એક જોડી તરીકે આ તેમનું પ્રથમ એટીપી ટાઇટલ હતું,

.................

## *BHARAT GAURAV GUJARAT*

ભારતીય રેલવે કેટરિંગ એન્ડ ટુરિઝમ કોર્પોરેશન લિમીટેડ પહેલી ઓક્ટોબરથી ભારત ગૌરવ ડીલક્સ એસી ટૂરિસ્ટ ટ્રેન દ્વારા ગરવી ગુજરાત પ્રવાસની શરૂઆત કરી રહી છે. દિલ્હીથી શરૂ થતો આ 10 દિવસનો પ્રવાસ અમદાવાદ, મોઢેરા, પાટણ, વડનગર, પાવાગઢ, ચાંપાનેર, વડોદરા, કેવડિયા, સોમનાથ, દીવ અને દ્વારકા સહિતના ગુજરાતના વિવિધ સ્થળોને આવરી લેશે.

સ્ટેટ ઓફ ધ આર્ટ ડીલક્સ એસી ટૂરિસ્ટ ટ્રેન પ્રથમ, બીજા અને ત્રીજા એસી કોચમાં રહેવાની સુવિધા આપશે. આ યાત્રા અંદાજે 3500 કિલોમીટરનું અંતર કાપશે.

.................

## અને હવે આજના અખબારોના મુખ્ય સમાચાર રજૂ કરે છે અનિલ પટેલ....

- ગુજરાત સમાચારની હેડલાઇન છે- ઉત્તરપ્રદેશમાં રેસ્ટોરન્ટ-ઢાબા પર માલિકનું નામ લખવું ફરજિયાત
- સાઇબર ફ્રોડ પર સર્જિકલ સ્ટ્રાઇક-6 લાખ ફોન, 800 એપ બ્લોકઃ આ શિર્ષક સાથે દિવ્યભાસ્કરે હેડલાઇન બનાવી છે,.
- કર્ણાટકના મુખ્યમંત્રી સિધ્ધારમૈયા પર  જમીન કૌભાંડમાં કેસ અંગેનાં સમાચારને ફુલછાબ, રાજસ્થાન પત્રિકા અને સંદેશ દૈનિકે હેડલાઇન બનાવી છે
- તિરુપતિ મંદિરમાં લાડુના વિવાદ સંબંધિત વિવિધ સમાચાર પ્રકાશિત થયા છે- સંદેશ લખે છે- તિરુપતિ મંદિરના પ્રસાદના લાડુમાં તમાકુ નીકળ્યાનો દાવો, તો

ગુજરાત સમાચાર લખે છે તિરુપતિના પ્રસાદમાં જાનવરની ચરબીના વિવાદ વચ્ચે ચાર દિવસમાં 14 લાખ લાડુ વેચાયા

- લેબેનોન પર ઇઝરાયેલનાં હૂમલાના સમાચાર તમામ અખબારોએ પ્રથમ પાને પ્રકાશિત કર્યા છે
- એક વિશેષ અહેવાલમાં દિવ્ય ભાસ્કર લખે છે, ગુજરાત વર્ક પોપ્યુલેશનમાં બીજા ક્રમે, જ્યારે બેરોજગારી દરમાં 10મા ક્રમે-
- દિવ્યભાસ્કરનો એક અહેવાલ જણાવે છે કે, દિવાળી બાદ ચિંતન શિબિરમાં વડનગર અને વિરમગામ નવા જિલ્લા જાહેર થઈ શકે છે

--------------